ગાંધીનગર સમાચાર
તા. ૯-૨-૨૦૧૪, રવિવાર

તંત્રી સ્થાનેથી....

રાહુલબાબાને થયું બ્રહ્મજ્ઞાન

કોંગ્રેસ માટે આગાણી લોકસભાની ચૂંટણી સીધા ચઢાણ સમી બની રહી છે. ચારે તરફથી ઘેરાઈ ગયેલી કોંગ્રેસને એના નવયુવાન નેતા રાહુલ ગાંધીમાં તારણહાર દેખાઈ રહ્યા છે પરંતુ વિવિધ સર્વેક્ષણો અને નરેન્દ્ર મોદીની રેલીઓમાં ઊમટતા લોકસમુદાયનો મિજાજ જોયા પછી દેખીતી રીતે કોંગ્રેસ રક્ષણાત્મક સ્થિતિમાં મુકાઈ જવા પામી છે. છેલ્લે થયેલી પાંચ વિધાનસભાઓની ચૂંટણીમાં કોંગ્રેસને એક માત્ર મિઝોરમ સિવાય ક્યાંય સફળતા મળી નથી. છત્તીસગઢમાં નકસલવાદીઓ દ્વારા ચૂંટણી પૂર્વ એક સામટી આખેઆખી કોંગ્રેસ નેતાગીરીનો ક્રૂરપણે સફાયો થયો હતો એથી કોંગ્રેસ સહાનુભૂતિના મોજા પર ચડીને કંઈક સારો દેખાવ જરૂર કરી શકી પરંતુ સત્તા તો ભાજપને જ મળી. દિલ્હીમાં કોંગ્રેસનો કરુણ રકાસ થતાં એણે વ્યૂહાત્મક રીતે બીજા ક્રમની બહુમતી ધરાવતી કેજરીવાલની આમ આદમી પાર્ટીનું સમર્થન કર્યું પરંતુ એથી 'આપ' દ્વારા કોગર્સ તરફે ફૂલ્યું વલણ તો દૂર, ઊલટાના રાહુલ અને સોનિયા વિરુદ્ધ ઉમેદવારો મૂકવાની તૈયારીઓ આરંભાઈ છે અને શીલા દીક્ષિતની સરકાર સામે એફઆઈઆર નોંધાઈ ચૂકી છે. કોંગ્રેસ ભારે અજંપો અનુભવી રહી છે. એની પરંપરાગત વોટ બેંકો કયારનીય રફેદફે થઈ ચૂકી છે. બળતામાં ઘી હોમતા હોય એમ કોંગ્રેસના કેટલાક વરિષ્ઠ નેતાઓ આડાં-અવળાં નિવેદનો કરીને કોંગ્રેસની કેન્દ્રીય નેતાગીરીની મુશ્કેલીઓ વધારવાનું કામ કરી રહ્યા છે. આવા નેતાઓમાં દિગ્વિજયસિંહ સૌથીમોખરે હતા. રાહુલ ગાંધીના રાજકીય ગુરુ ગણાતા દિગ્વિજયસિંહને મધ્યપ્રદેશની વિધાનસભાની ચૂંટણી વખતે સાઈડલાઈન કરી દેવાયા હતા. રાહુલ બ્રિગેડના યુવાન નેતા અને ગ્વાલિયરના 'મહારાજા' જયોતિરાદિત્ય સિંધિયાને રાજયના ચૂંટણી તંત્રનો હવાલો સુવાંગ સોંપી દીધા પછી પણ પરિણામ તો નિરાશાજનક જ રહ્યું હતું. દિગ્વિજયસિંહે અવારનવાર ભાજપના વરિષ્ઠ નેતાઓ ઉપરાંત યોગગુરુ રામદેવ બાબા વિરુદ્ધ કડવી આલોચના કરી હતી. બાબાને એમણે 'મહા ઠગ' કહી ઉતારી પાડ્યા હતા તો વળી મોદીને ઈતિહાસનું જ્ઞાન નહીં હોવાનું નિવેદન કર્યું હતું. બીજા મહાનિવેદન બાજ કોંગ્રેસી નેતા ઉત્તરપ્રદેશમાં કોંગ્રેસનું ઉઠમણું કરાવી રહ્યા છે. બનવારી લાલ વર્મા ગમે ત્યારે ગમે તે વ્યક્તિ વિશે ગમે તેવું નિવેદન ફટકારી જાણે છે. એમની ઝપટમાં કયારેક મુલાયમસિંહ ચડે છે તો કયારેક મોદી. ત્રીજા નિવેદનબાજ નેતા તો કોંગ્રેસની થિંકટેંક ગણાય છે. મણિશંકર ઐયર બનવારી લાલ જેવા 'ગામડિયા' નથી કે દિગ્વિજયસિંહ જેવા 'ભડભડિયા' નથી. બહુ વિચારશીલ ગણાતા આ દખ્ખણના નેતા મૂળે તો ઈન્ડિયન ફોરેન સર્વિસમાં હતા. રાજીવ ગાંધીએ એમને રાજકારણમાં લાવીને કોંગ્રેસને એક બૌદ્ધિક નેતાની ભેટ ધરી હતી. એમણે વહીવટમાં બતાવેલી દક્ષતા, સવિશેષ પંચાયત ક્ષેત્રે કરેલી કામગીરી કાબિલે દાદ ગણાતી રહી છે. પરંતુ તાલકટોરા સ્ટેડિયમમાં મળેલા કોંગ્રેસ સંમેલનમાં એમણે નરેન્દ્ર મોદી વિશે પુછાયેલા પ્રશ્ન જે 'ચાયવાલા' વાળું પ્રખ્યાત નિવેદન કર્યું, એથી કોંગ્રેસ મુશ્કેલીમાં મુકાઈ ગઈ હતી. મોદીને આ અગાઉ સમાજવાદી પાર્ટીના પ્રવકતાએ પણ 'એક ચા વેચનારો દેશનો વડાપ્રધાન થોડો બની શકે?' જેવો પડકાર ફેંક્યો હતો. મણિશંકર ઐયરના નિવેદનનો પણ એવો જ સૂર હતોઃ 'મોદીને ચાની રેંકડી કરવી હોય તો અમે જરૂર જગ્યાની ગોઠવણ કરી આપીશું.' એવો કટાક્ષ કરી મોદી વડાપ્રધાનપદની કોઈ જ લાયકાત નહીં ધરાવતા હોવાનું નિવેદન કરનાર મણિશંકર ઐયરના નિવેદનથી રાહુલ ગાંધી નારાજ થયા છે. વિરોધી નેતા ઉપરના વ્યક્તિગત આક્ષેપો કયારેક બૂમરેંગ થઈને આક્ષેપ કરનારને જ નડતા હોય છે. સોનિયા ગાંધીએ અગાઉ ૨૦૦૪માં મોદીને 'મોતના સોદાગર' કહ્યા હતા. છેલ્લે હમણાં હમણાં એવા જ મતલબનું નિવેદન કરી એમણે 'ઝેરનું વાવેતર' કરનારાઓને સત્તા પર આવતા રોકવા માટેની વિનંતી કરતું ભાષણ કર્યું હતું. પોતાની વિરુદ્ધ થનાર નિવેદનોનો પોતાની તરફેણમાં કેવી રીતે ઉપયોગ કરી શકાય તે કળામાં નરેન્દ્ર મોદી કુશળ છે. રાહુલ ગાંધીએ એથી એમના પ્રવકતાઓને ખાસ તાકીદ કરવી પડી છે કે કોઈએ વિરોધ પક્ષના નેતાઓ પર અંગત આક્ષેપો ન કરવા. મોડે મોડે પણ રાહુલ બાબાને થયેલું બ્રહ્મજ્ઞાન કેટલું કારગત નીવડશે તે તો સમય જ બતાવી શકશે.

જમવાનો બગાડ અટકાવવા યુનિક-યુ ઈન્ટરનેશનલ સ્કુલ, ઈડરનો વિશિષ્ટ સેવા યજ્ઞ

ઈડર, તા.૮

પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. કલામના ઈન્ડિયા વિઝન ૨૦૨૦થી પ્રેરિત યુનિક યુ ઈન્ટરનેશનલ સ્કુલ, ઈડર બાળકોનું જમાબદાર નાગરિક તરીકેની ઘડતર માટે સંનિષ્ઠ પ્રયત્નો કરી રહી છે.

હાલમાં આ ઘડતર માટે જમવાનો બગાડ અટકાવવાનો વિશિષ્ઠ સેવા યજ્ઞ યુનિક યુ-ઈન્ટરનેશનલ સ્કુલ, ઈડર દ્વારા શરુ થયો છે. વૈશ્વિક રીસર્ચ પ્રમાણે ત્રીજા ભાગનું અનાજ વેડફાય છે. આ અનાજનો સદુઉપયોગ કરવમાં આવે તો વિશ્વમાં ભૂખમરાની સમસ્યા હલ થઈ જાય.

રોટરી કલબ, યુનિક યુ ઈન્ટરનેશનલ સ્કુલ, શિક્ષા સંસ્કૃતિ ઉત્થાનન્યાસ અને નુઝીવીડી સીડસના સંયુકત ઉપક્રમે જમવાનો બગાડ અટકાવવાનો આ સેવા યજ્ઞ શરુ થયો છે. તારક મહેતાકા ઉલટા ચશ્માના નટુકાકા (ઘનશ્યામભાઈ નાયક)ના હસ્તે આ સેવાયજ્ઞની શરૂઆત થઈ છે.

આ સેવાયજ્ઞમાં જાહેર સમારંભોમાં જઈ જમવાનો બગાડ અટકાવવા બેનર્સ, માઈક ઉપર જાહેરાતો, વ્યકિત સંવાદ તથા અન્નનો બગાડ ન કરવા માટે વખાણ તથા બગાડ કરનારને ન કરવા વિનંતી કરતા કાર્ડસ દ્વારા યુનિક યુના બાળકો પ્રયત્નો કરશે.

બી ધ ચેન્જ-બદલાવની શરૂઆત તમારાથી કરોના સંદેશ સાથે ડીશમાં એક પણ દાણો ન બગાડવાની પ્રતિજ્ઞા સાથે દરેક વ્યકિતને આ યેવા યજ્ઞમાં જોડવામાં આવશે.

આ સાથે ડીસ્પોઝેબલ વસ્તુઓનો વપરાશ પણ ઓછામાં ઓછો કરી પ્રદૂષણ ઘટાડવામાં મદદરૂપ બની ધરતી માતાનું જતન કરવાનો સંદેશ પણ ફેલાવવામાં આવશે.

તા. ૩ ફેબ્રુઆરીના રોજ વડાલી વિભાગ પાટીદાર સમાજના ૧૬મા સમૂહ લગ્નોત્સવમાં ૮૦૦૦ જેટલા વ્યકિતઓ સુધી આ જમવાનો બગાડ અટકાવવાનો પ્રયત્ન થયો હતો.

દર વર્ષે ૧.૩ બિલિયન ટન અનાજનો બગાડ થાય છે જે સમગ્ર વિશ્વના કઠોળના કુલ ઉત્પાદનના અડધા જેટલું છે.

આવા સેવા યજ્ઞમાં વધુમાં વધુ લોકો જોડાશે તો ચોકક્સ પણે સમાજને મોટો ફાયદો થશે. બ્રીટીશ કાઉન્સિલના આઈએસએ અંતર્ગત બેલેન્સ ડાયેટ ફોર હેલ્ધી વર્લ્ડ પ્રોજેક્ટ પછી લાંબા ગાળા માટે અન્નનો બગાડ અટકાવવાનો આ પ્રયોગ શરુ થયો છે.

ગુજરાત સ્ટેટ કન્ઝ્યુમર્સ ફેડરેશનના બોર્ડ ઓફ ડિરેકટર્સની વરણી

ગાંધીનગર, તા.૮

ધી ગુજરાત સ્ટેટ કો ઓપરેટીવ કન્ઝ્યુમર્સ ફેડરેશનની ચૂંટણી તાજેતરમાં યોજવામાં આવી હતી. ચૂંટણીમાં ચેરમેન વા ચેરમેન અને ૧૦ ડાયરેકટર બિનહરીફ ચૂંટાઈ આવ્યા છે.

ચૂંટણીમાં ચેરમેન તરીકે નરહરિ અમીનની બિનહરીફ વરણી કરવામાં આવી છે. જેઓ સતત પાંચમી વાર ચૂંટાઈ આવ્યા છે. જયારે વાઈસ ચેરમેન તરીકે મહેસાણા જિલ્લા ભાજપાના આગેવાન પોપટલાલ પટેલની પાંચ વર્ષ માટે વરણી કરવામાં આવી છે. તેમજ ડાયરેકટર તરીકે વિનોદભાઈ પટેલ, પ્રકાશભાઈ સોની, લીલાચંદભાઈ પટેલ, ખેમાભાઈ પટેલ, બાબુલાલ પટેલ, રમેશભાઈ શાહ, સામનભાઈ આડેદરા અને કો. ઓપ્ટ. સભ્ય તરીકે પરેશભાઈ દાણી અને ધીરુભાઈ દેસાઈની બિન હરીફ વરણી કરવામાં આવી છે.

ઉર્જા બચત માટે નગરજનો સજાગ બને

ઉર્જા બચત પર વોલ પેઈન્ટીંગ સ્પર્ધામાં ૬૪ વિદ્યાર્થીઓ જોડાયા

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરની પંડિત દિનદયાળ પેટ્રોલીયમ યુનિવર્સિટી દ્વારા તા. ૮ અને ૯, બેદિવસ ઉર્જાબચત વિષય પર કેન્દ્રિય વિદ્યાલયની દિવાલ પર વોલ પેઈન્ટીંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાતની ફાઈન આર્ટસ કોલેજના વિદ્યાર્થીઓ ભાગ લઈ રહ્યા છે.

દિવસે-દિવસે ઉર્જાનો વપરાશ મોટા પ્રમાણમાં વધી રહ્યો છે ત્યારે પંડિત દિનદયાળ પેટ્રોલીયમ યુનિવર્સિટી, ગુજરાત પાવર કોર્પોરેશન, કેન્દ્રિય વિદ્યાલય રીજીયનલ ઓફિસ, ગાંધીનગર અને ચિત્ર શિક્ષક સંઘ, ગુજરાત દ્વારા ઉર્જા બચાવો વિષય પર વોલ પેઈન્ટીંગ સ્પર્ધાનું આયોજન કર્યું છે.

ચ-૬ સર્કલથી અક્ષરધામ રોડ પર આવેલી કેન્દ્રિય વિદ્યાલયની દિવાલ પર તા. ૮ અને ૯ બે દિવસ સવારે ૯.૩૦ થી ૫.૩૦ દરમ્યાન ગુજરાતની ફાઈન આર્ટસ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા નગરજનોમાં ઉર્જાવિશેની સમજણ કેળવવા સ્પર્ધા યોજાઈ રહી છે. સ્પર્ધામાં ગુજરાતની ફાઈન આર્ટસ કોલેજના ૬૪ જેટલા વિદ્યાર્થીઓએ

ઉર્જા બચાવો વિષય પર અવનવા ચિત્રો દોરવામાં આવ્યા છે. વિદ્યાર્થીઓએ પોતાના ચિત્રો દ્વારા એક સંદેશ આપવાનો નમ્ર પ્રયત્ન કરી રહ્યા છે.

ચિત્ર સ્પર્ધામાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓએ બનાવેલ ચિત્રોમાં આવનાર સમયમાં ઉર્જા એ વિકટ સમસ્યા થઈ પડશે ત્યારે તેને કેવી રીતે અંકુશમાં લાવી શકાય તેવો સંદેશ નગરજનોને આપી રહ્યા છે. સ્પર્ધામાં શ્રેષ્ઠ સ્પર્ધકોને મહાનુભાવોના હસ્તે ઈનામ વિતરણ કરવામાં આવશે.

(તસવીર : કશ્યપ નીમાવત)

લગ્નો અને બેવડી ઋતુએ શાળામાં વિદ્યાર્થીઓની હાજરી ઘટાડી

ગાંધીનગર, તા.૮

શહેરની શાળાઓમાં હમણાં જ પરીક્ષાઓ પુરી થવાને કારણે તેમજ બેવડી ઋતુની અસરથી માંદગીનો વાવર ચાલવાને કારણે વિદ્યાર્થીઓની હાજરી પર અસર પડી છે. તેમાં એક તરફ લગ્નસરાની મૌસમ પણ પુરબહારમાં ખિલી હોવાથી બાળકો બહારગામ લગ્નમાં હાજરી આપવા જવાથી નિશાળે રજાઓ પાડી રહ્યા છે.

ગાંધીનગર શહેરમાં હરિયાળીના કારણે દિવસે ગરમીનો વ્યાપ વધવા છતાં મોડી રાત્રિએ અને પરોઢિયે ઠંડી પણ અનુભવાઈ રહી છે. શિયાળાનાં આ અંતિમ ચરણમાં બેવડી ઋતુના અહેસાસના કારણે બાળકો કફ, શરદી, ગળામાં ઈન્ફેકશન અને તાવના રોગોનો શિકાર બની રહ્યા છે. તેમાં સગા સંબંધીઓના લગ્નમાં વિવિધ વાનગીઓ ઝાપટવાને કારણે પણ વિદ્યાર્થીઓની તબિયત ખરાબ થવાના કેસ વધી ગયા છે. શહેરના દવાખાના દર્દીઓથી તેમાંય ખાસ કરીને બાળકોથી ઉભરાઈ રહ્યા છે.

શહેરમાં અલગ અલગ જ્ઞાતિના સમૂહ લગ્નોના આયોજનો મોટા પ્રમાણમાં થયા હોઈ તેમજ અન્ય બહારગામે પણ નજીકના સગા સંબંધીના લગ્નોમાં પરિવાર સાથે હાજરી આપવા જવાથી વિદ્યાર્થી વર્ગ શાળામાં હાજરી આપી શકતો નથી. વળી હાલમાં જ પરીક્ષાઓ પૂર્ણ થવાથી રીલેક્ષ થવા માટે લગ્નમાં હાજરી આપવાના બહાને શાળામાં રજાઓ મૂકવાનું પ્રમાણ પણ આજ કાલ વધુ દેખાઈ રહ્યું છે.

સ્કૂલ વાનોમાં બાળકોને આ કારણોથી અત્યારે બેસવામાં મોકળાશ મળી રહી છે પરંતુ સ્કૂલોમાં તો અમુક શિક્ષકો પણ લગ્નોના કારણે રજા પર હોવાથી ભણતરમાં ઉદાસીનતાનો માહોલ સર્જાયો છે.

ચૌધરી મહિલા આર્ટસ કોલેજની વિદ્યાર્થીનીઓએ ઈન્ડોલોજી સંસ્થાની મુલાકાત લીધી

ગાંધીનગર, તા.૮

ચૌધરી મહિલા આર્ટસ કોલેજ સેકટર-૭ની ગુજરાતી વિભાગની વિદ્યાર્થીનીઓએ લાલભાઈ દલપતભાઈ ઈન્ડોલોજી સંસ્થાની મુલાકાત લીધી હતી. કોલેજની ત્રીસ વિદ્યાર્થીનીઓએ મુલાકાત દરમિયાન હસ્તપ્રતની જાળવણી કેવી રીતે રાખવી અને ગ્રંથાલયમાં સૂચિનો ઉપયોગ કેવી રીતે કરવો તેની માહિતી મેળવી હતી. જૂના પ્રાકૃત, અપભ્રંશ ગ્રંથોને કેવી રીતે જાળવવામાં આવે છે તેની સાથે જૂના પુરાણા પુસ્તકોને વાંચીને વિદ્યાર્થીઓ આનંદીત થઈ ઉઠયા હતા.

વલ્લભકુળ હસ્તે વયસ્કોનું સન્માન તથા ઈનામ વિતરણ

ગાંધીનગર, તા. ૮

શ્રી સમસ્ત ખડાયાતા સમાજ ગુજરાત ગાંધીનગર દ્વારા ડૉ. આંબેડકર હોલ ઊંધીયા- ઉજાણીના કાર્યક્રમની સાથોસાથ જ્ઞાતિજનોના તેજસ્વી તારલાને ઈનામ વિતરણ અને વયસ્કોને શાલ ઓઢાડી સન્માનવાનો કાર્યક્રમ યોજવામા આવેલ. જેમાં પ્રથમ વખત વલ્લભકુળ પ.પૂ.ગો ૧૦૮શ્રી કુંજેશકુમાર મહાદેવના હસ્તે નર્સરીથી પી.એચ.ડી. ડિગ્રી સુધીના તેજસ્વીઓને ઈનામ વિતરણ તેમજ ઉપરણા ઓઢાડવામાં આવ્યા હતા. શ્રી કુંજેશકુમાર હસ્તક વયસ્કોને શાલ ઓઢાડી પ્રમાણપત્ર આપવાની સાથે આશીર્વાદ પાઠવ્યા હતા.

ઉપરોક્ત કાર્યક્રમની સાથોસાથ બાળકોને જ્ઞાન ગમ્મત મળે તે હેતુથી પ્રશ્નોતરીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. કાર્યક્રમને સફળ બનાવવા કારોબારી સભ્યોએ મહેનત કરી હતી. મંત્રીશ્રી હર્ષદભાઈ ગાંધીએ જણાવેલ છે.

શ્રી સમસ્ત ખડાયતા સમાજ ડિરેકટરી વિતરણ બાબત

ગાંધીનગર, તા. ૮

શ્રી સમસ્ત ખડાયતા સમાજની ડિરેકટરીનું વિતરણ કરવામાં આવેલ હતું. આ પ્રસંગે તેજસ્વી વિદ્યાર્થીઓના ઈનામ વિતરણ યોજાયેલ હતું. સમાજના જે સભ્યો હજુ સુધી ડિરેકટરી લઈ ગયા નથી તેઓએ તા. ૧૬મી ફેબ્રુઆરી સુધીમાં રીયા ઈન્ફોસીટી પ્રા.લિ. ૧૦૧, શાલીન કોમ્પ્લેક્ષ, સેકટર-૧૧ ખાતેથી મેળવી લેવા મંત્રીહર્ષદભાઈ ગાંધીએ જણાવેલ છે.

વસંત... વેલેન્ટાઇન... અને ફેબ્રુઆરી લવ ઇન ધ એર !!!

શિયાળો હવે જવું જવું થઇ રઝ્ઝો છે, આમ જુવો તો ઓલમોસ્ટ વિદાય લઇ જ લીધી છે ઠંડી એ. સ્વેટરો ફરી બેગોમાં ભરાઈ રઝ્ઝા છે, સુરજ વહેલો ઉગતો થઈ ગયો છે અને વહેલો તપતો પણ. કોટન ના શર્ટ ઈન થતા જાય છે. બળબળતી બપોર પણ રસ્તાના કોઈક ખૂણે કે કોઈ દીવાલની પછી તે પોરો ખાતી જોવા મળે છે. બપોરે ક્યાંક ક્યાંક એ.સી.ની ઘરઘરાટી સંભળાતી થઈ ગઈ છે કાતિલ ઠંડી જઈ રહી છે એનો આનદ મનાવવો કે બળબળતો ઉનાળો આવશે તો શું થશે એની ચિંતા કરવી એવી વીટમ્બણાની વચ્ચે ખુશી અને રાહત ના સમાચાર એક જ છે કે આવી ગયો છે ફરવરી. અને એનું કારણ એ છે કે આ મહિનો છે વસંત ઋતુ નું પ્રવેશદ્વાર. આમ તો ઓફિસીયલી વસંત માર્ચ માં શરુ થાય છે પણ એના પડઘા તો ફેબ્રુઆરી થી જ પડવા માંડે છે. આવન જાવન કરતી ઠંડીની વચ્ચે, ખીલેલા ફૂલો ની મદમસ્ત સુગંધ ચોતરફ પથરાયેલી પડી હોય ત્યારે પ્રેમી હૈયાઓ શેના જાલ્યા રહે? અને આ હૈયાઓ ને ઉછળવાનું નિમિત છે ફેબ્રુઆરી. પ્રેમ માં પડવા માટે, પ્રેમ બતાવવા માટે કે પ્રેમી પાત્રને રીઝવવા માટે નો આ ફૂલ ટુ લવ મહિનો છે ફેબ્રુઆરી. આ મહિનો પ્રેમ નો પ્રસ્તાવ રાખવાના, પ્રેમી ને મળવાના કે પ્રેમ ને ચરમસીમા સુધી પહોચાડવાના ઘણા મોકાઓ આપે છે અને બાય ધ વે પ્રેમી એટલે કાઈ ફક્ત ટીનેજર, કોલેજીયન કે યુવાનહૈયા જ એવી વ્યાખ્યા માં ના બંધાજો. જેમાં પ્રિયપાત્ર માટે પ્રેમ ઉછાળા મારે છે, જેમાં પોતાની વહાલી વ્યક્તિ માટે લાગણીનો સાગર ઘૂઘવે છે, જેમાં પોતાને ગમતી વ્યક્તિ ને ખુશ રાખવાની અદમ્ય ઈચ્છાઓ સદાય અગ્રેસર છે એવું દીલ - જીગર ને હ્રદય ધરાવતો કોઈ પણ વ્યક્તિ પ્રેમી કે પ્રેમિકા જ છે, અને પ્રેમ તો એકરાર ઝંખે જ. વિજાતીય વ્યક્તિ પ્રત્યે થયેલું આકર્ષણ જો સ્વીકૃતિ ની મહોર સુધી ના જાય તો શું કામ નું? પણ એને સ્વીકૃતી સુધી પહોચાડવા જરૂર પડે છે અને એના માટે કરવો પડે છે એકરાર. હું તને ચાહું છું . આ કહેવું ય જરૂરી હોય છે પ્રેમમાં. વસંતના આગમન સાથે મહોરી ઉઠતા ગુલમોહરોના કેસરિયા છાંટ વાળા રાતા રંગને અને જીગરમાં પ્રેમી પાત્ર માટે ખળખળતા લાલ રંગના રુધિરની છટપટાહટની વચ્ચે એક જ લઘુતમ સાધારણ અવયવ છે અને એ છે પ્રેમ!!!

અને પ્રેમની શરૂઆત થાય છે ફેબ્રુઆરી મહિનાના આપણા અપના ઉત્સવ વસંત પંચમીથી. વસંતના આગમનની આલબેલ પોકારતી આ નવલી નાર જેવો દીવસ આપણને યાદ આપાવે છે પ્રકૃતિના ફેરફારની. વસંત પંચમી નિર્દેશ કરે છે ઋતુચક્રમાં બદલાવની. ભીષણ ઠંડીના વિદાયની અને સુહાવની મોસમના આગમન ની. કડકડતી ઠંડીના છેલ્લા દિવસોમાં વસંતનું આગમન થાય છે અને પ્રકૃતિને વાસંતી રંગોની ભેટ મળે છે. વિવિધ ફૂલ, આંબાના વૃક્ષ પર આવેલા મોર, હરિયાળીની ચાદરથી શોભતી ધરતી, કોયલની મધ મીઠી કૂક-કૂક અને આવ- જા કરતી ફૂલ ગુલાબી ઠંડી મનુષ્યોના મનને આનંદ-ઉલ્લાસથી ભરી દે છે. ઋતુઓની રાણી ભલે વર્ષા હોય પણ નો ડાઉટ ઋતુઓનો રાજા તો વસંત જ છે..!! આ દિવસો પ્રજનન માટે શ્રેષ્ટ મનાય છે. પુરાણકાળ માં આ જ દિવસે સ્ત્રીઓ પોતાના પતિની કામદેવના રૂપમાં પૂજા કરતી હતી કારણ કે એવું વિધાન છે કે વસંત પંચમીના દિવસે જ કામદેવ અને એમની પત્ની રતીએ મનુષ્ય હ્રદયમાં પ્રેમનો સંચાર કર્યો હતો. વસંત પંચમીના દિવસે જ માં સરસ્વતીનું અવતરણ થયું હતું અને આ જ દિવસે શ્રીકૃષ્ણે પહેલી વાર સરસ્વતી ની પૂજા કરી હોવાથી વસંત પંચમી ના દિવસે વિદ્યાની દેવી સરસ્વતીની પૂજા પણ કરાય છે. વસંતઋતુએ નવી શરૂઆત કે સર્જનનો સમય હોય છે, કારણ કે વસંતમાં વાતાવરણની બધી જ રીતે અનુકૂળ પરિસ્થિતિઓ હોવાને કારણે નવું કામ કરવાનો ઉમંગ આવે છે, તેથી દરેક સર્જનાત્મક કાર્ય માટે આ દિવસને શુભ માનવામાં આવે છે. વસંત પંચમીનું આપણા શાસ્ત્રોમાં પણ આગવું મહત્વ છે જો કે આખી વસંત ઋતુનું જ મહત્વ છે એટલે તો ભગવાન કૃષ્ણે કહેલું કે ઋતુઓમાં હું વસંત છું. આપણા શાસ્ત્રો માં વસંત ને પ્રેમની ઋતુ મનાય છે. વસંતને પ્રેમના દેવતા કામદેવના મિત્ર તરીકે ઓળખાવાય છે કદાચ એટલે જ ફેબ્રુઆરી થી શરુ થતા વસંતોત્સવ માં કામદેવનો પ્રભાવ વિશેષ રહે છે અને કામદેવના બાણ સમગ્ર શ્રુષ્ટિ પર ચાલતા રહે છે ને સમગ્ર પ્રકૃતિ પ્રેમમગ્ન થતી જાય છે. વાસંતી યૌવન હીલોળા લેવા માંડે છે એટલે જ તો પ્રેમના એકરાર માટે આ સર્વશ્રેષ્ઠ સમય છે.

આટલી પ્રસ્તાવના પછી એટલું તો સમજાય જ ગયું હશે કે ફેબ્રુઆરી એ પ્રેમનો મહિનો છે - ઋતુ છે - સમય છે. તમે જો એને કોઈ ચોક્કસ ઉમરના ચશ્માં ચડાવીને જોતા હો તો એ તમારી ભૂલ છે. પ્રેમ શાશ્વત છે, સ્થળ અને સમયના બંધનોથી પર છે અને પ્રેમ ની કોઈ ઉમર નથી હોતી હા જો કાઈ જુદું હોય છે તો એ હોય છે પ્રેમ નો પ્રકાર. હરેક પ્રેમના પ્રકાર જુદા હોય શકે પણ મૂળ



વિગેરે...વિગેરે...
- અજય ઉપાધ્યાય
- akurjt@gmail.com

ભાવના તો એક જ રહેવાની - હું તને ચાહું છું કે તુ મને ગમે છે આ ચાહવું કે ગમવું એ જ તો છે પ્રેમ. આપણા સૌ ના માનીતા રમેશ પારેખ ના જ શબ્દોમાં એક ડોસો સ્વયં થયો ગજરોને એની વય મહક થવાની થઈ મહેકવાની ક્યાં કોઈ ઉમર હોય છે? અને પ્રેમ ની? પ્રેમની પણ કોઈ ઉમર નથી જ હોતી હા એના પ્રકાર જુદા હોય શકે છે અને ફેબ્રુઆરી એના માટે જ તો છે કેલેન્ડરમાં..!!! બેક ટુ ફરવરી ... વસંતના આગમનને વધાવતો હોય એમ ફેબ્રુઆરીમાં પ્રેમના અનેક દિવસો આવે છે. બેશક વેલેન્ટાઈન ઉજવાય કે નહિ એ વિવાદ નો વિષય હોય શકે પણ એમના માટે કે જેમના સીનામાં ડીલ નહિ પણ પથ્થર રોપાયો છે. પ્રેમની ઉજવણી એ દેશી કે વિદેશી ના હોય શકે. પ્રેમની ઉજવણી એ જે તે ઘડી એ ઉછળતા અને પ્રેમી સમક્ષ આંખોથી, શબ્દોથી કે વસ્તુઓથી રજુ થઈ ને સામેની વ્યક્તિના કલેજામાં ઘર કરી જતા લાગણીઓના એ વાદળા છે જે પછી જિંદગીભર વરસ્યા કરવાના છે અને ભીજવ્યા કરવાના છે બેય હૈયા ને. અને આવા વાદળા બાંધવા માટે બેસ્ટમ બેસ્ટ છે ફેબ્રુઆરી.

પ્રેમી હૈયા ઓ માટે પ્રસ્તુત છે પ્રેમ નું કેલેન્ડર.. ફેબ્રુઆરી ના એકાદ વીક ની એપ્રુટમેન્ટ ... એપ્રુટમેન્ટ ...ઈંગ્લીશ બોલતા હૈ હાય ....!! ઓ.કે. હીયર ઈટ ઈઝ...૭મી તારીખે જુદા જુદા કલર ના ગુલાબો થી વ્યકત થતી ફીલીગ વાળો રોઝ ડે, તમારા દીલ માં ઘરબાયેલી લાગણીને રજુના કરી શકાય હોય તો ૮ મી ફેબ્રુઆરી એ પ્રપોઝ ડે યાની કે એકરાર દીવસ. ઈકરાર કરના મુશ્કિલ હૈ...ઈનકાર કરના મુશ્કિલ હૈ.. આવી અવઢવ વાળી સ્થિતિમાં મુકાવા કરતા બિન્દાસ કરી દો એકરાર. પરિણામ જે પણ આવે પણ તમારા દીલની વાત તેના સુધી પહોચાડી શકશો એ ચોક્કસ અને જો સબંધો શરુ થયા તો એને ઓર ગળ્યા બનાવો ૯ મી એ મતલબ કે આજે ચોકલેટ ડે નિમિત્તે મસ્ત મજાની ચોકલેટ આપી ને. ૧૦ મી એ ટેડી દિવસ, ૧૧ મી એ પ્રોમીસ ડે,૧૨ મી એ કિસ ડે અને ૧૩ મી એ હ્ગ ડે થી ગુજરતા ગુજરતા ૧૪ મીએ આવી ગયો વેલેન્ટાઈન ડે. યસ એમ કહી શકો કે આવા ડેઈઝનું સેલીબ્રેશન કોલેજીયનો વધુ પ્રમાણ માં કરે છે, વધુ પ્રમાણમાં નહિ પણ લગભગ તો કોલેજો માં જ આવા ડેયઝ વધુ ઉજવાય છે પણ એવું થોડું છે કે આ રોઝ, ચોકલેટ, હ્ગ કે કીસ્સ ખાલી કોલીજીયાનો નો જ ઈઝારો છે. તમારા પ્રિય દોસ્તને આપેલું ગુલાબ પણ પ્રેમની પરિભાષામાં જ આવે છે. મમ્મી ને સવારમાં ઉઠતા વેત આપેલી એક હુંફાળી કિસ પણ કિસ ડે જ છે. પત્નીના તકિયા નીચે સંતાડેલું લાલ ગુલાબ સવારના પહોરમાં એના હાથમાં મુકવું એ પણ આની જ ઉજવણીનો એક ભાગ છે. હિતેન આનાઇપ્રા ની આ બે લાઈન વાચો, સમજાય જશે પ્રેમ નું મહત્વ - પ્રેમ આખી જીન્દગી નો મર્મ છે, એ સિવાયની બધી વાતો તર્ક છે.

અમેરિકન સંત વેલેન્ટાઈનની યાદમાં ઉજવાતા આ પ્રેમના તહેવારની ઉજવણી કરતા યુવા હૈયાઓને વિરોધનો સામનો કરવોએ હવે આપણે ત્યાં રૂટીન વાત થઈ ગઈ છે અને આપણે એની ચર્ચામાં નહિ પડીએ કારણ કે પ્રેમી હૈયાઓ માટે તો હર એક દીવસ વેલેન્ટાઈન ડે જ હોય છે. અને સાચો પ્રેમ કે સાચા પ્રેમી દુનિયાની કોઈ તાકાત સામે ક્યારેય ઝૂક્યા નથી ને ઝુકતા પણ નથી એ તો ઈતિહાસના પાનાઓમાં અને અત્યારના યુગમાં સોશિયલ સાઈટ્સ કે છાપા મેગેઝીનોમાં છપાતા અને ચર્ચાતા કિસ્સાઓ પરથી આપણે જાણીએ જ છીએ. અને એ પણ હકીકત છે કે પ્રેમ ના ઈજહાર માટે એમને કોઈ ચોક્કસ દીવસની ક્યારેય જરૂર પડી જ નથી અને પડવાની પણ નથી. બે પ્રેમમગ્ન હૈયાઓ જયારે મળે ત્યારે એ પળ, દીવસ કે ઘડી વેલેન્ટાઈન ડે કે વસંત જ હોય છે. હરીન્દ્ર દવે એ સરસ લખ્યું છે કે હોઠ હસે તો ફાગુન ગોરી, આંખ ઝરે તો સાવન, મોસમ મારી તું જ, કાળની મિથ્યા આવનજાવન પ્રિયપાત્ર સાથેની મુલાકાત જ સ્વયમ એક ઋતુ છે, એક તહેવાર છે, એક મોસમ છે!!! પ્રેમ ને ક્યાં કેલેન્ડરના પાનાંમાં કેદ થવું ગમે છે તે એ રાહ જોતું ફરે કોઈ ખાસ દીવસનું. છતાં ય વાત ફેબ્રુઆરીની નીકળી છે તો વસંત કે વેલેન્ટાઈન ડે થી આંખ મીચામણા કયાંથી કરી શકો? હા વેલેન્ટાઈન ડે નો વીરોધ કરનારા ઓ એક વાત નું આશ્વાશન અને નોંધ તો લઈ જ શકે છે કે વેલેન્ટાઈન પહેલા આપણે ત્યાં વસંત આવી જ જાય છે. વેલેન